# ઉત્તર ગુજરાતમાં વરસાદની અછત : ઉત્તર ગુજરાત અને અરવલ્લીમાં દિવેલાનું સૌથી વધુ વાવેતર

મોડાસા, તા.૭

સમગ્ર ગુજરાત રાજયમાં હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે ચોમાસુ પૂર્ણ થયાની જાહેરાત કરી દીધી છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠાને બાદ કરતા સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણ જિલ્લામાં સીઝનનો ૮૦ ટકા જેટલો વરસાદ નોંધાતા પાણીની ઘટ વચ્ચે ચાલુ વર્ષે ઉત્તર ગુજરાતના ભૂમિપુત્રોએ સૌથી વધુ ૩૫૦૧૭૭ હેકટર જમીનમાં દિવેલાના પાકની વાવણી કરી ધાન્ય અને અન્ય ખરીફ પાકોની વાવણી ઓછી કરી ખેડૂતોએ આગોતરું આયોજન સફળ રહ્યું હોય તેવું વરસાદની ઘટથી લાગી રહ્યું છે.

વરસાદની અછતની આગાહી હવામાન વિભાગે ગત માર્ચ એપ્રિલ માસમાં કરી હતી. જે તે સમયે અલનીનોના કારણે દુષ્કાળનો ભય સેવવામાં આવ્યો હતો પરંતુ જુલાઈ મહિનામાં ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં અરબી સમુદ્રમાં ઉદભવેલા અપર એરસરકયુલેશનથી પેદા થયેલા વાદળોથી ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસતાં હવામાન વિભાગની આગાહીની હાંસી ઉડી હતી. પરંતુ ત્યાર બાદ ઓગષ્ટમાં પડેલા સામાન્ય વરસાદ બાદ વરસાદ ન વરસતાં ખરીફ ખેતી પર સંકટ ઉભુ થયું હતું. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા-અરવલ્લી-બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં ભર ચોમાસે વરસાદ વરસવાના બદલે ગરમી પ્રકોપ વરસતાં અનેક ખેડૂતોની વાવણી અંગે ગણતરી ઉંધી પડતી લાગતાં અન્ય ધાન્યપાક અને ખરીફ પાકોની ખેતીમાં બહુ બરકત નહી આવે તેવું લાગતા ઉત્તર ગુજરાતના ભુમિપુત્રોએ રોકડીયા પાક તરીકે દિવેલાની વાવણી શરુ કરી દીધી હતી અને ઉત્તર ગુજરાતના ખેડૂતોએ વરસાદની અછત હોય કે પછી અન્ય કઈ કારણોસર ઉત્તર ગુજરાતમાં દિવેલાનું વાવેતર સૌથી મોટી પ્રમાણમાં કરવામાં આવ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ગત વર્ષની સરખામણીમાં કપાસ, મકાઈ, તલ, સોયાબીન, મગફળી, કઠોળ અને શાકભાજીના વાવેતરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં નિલગાય અને રોઝનો ત્રાસ પણ દિવસેને દિવસે વધતા ભૂંડો અને નિલગાયો દ્વારા થતા ભેલાણના ત્રાસથી મકાઈ, મગફળી સહિતના પાકોનું વાવેતર ઘટયું છે.

## ઉત્તર ગુજરાતમાં દિવેલાના વાવેતરનો જિલ્લા પ્રમાણે આંકડો

| જિલ્લો | કુલ વાવેતર | દિવેલાનું વાવેતર |
|---|---|---|
| અરવલ્લી | ૨૦૫૪૦૩ હેકટર | ૩૩૬૫૦ હેકટર |
| સાબરકાંઠા | ૨૨૫૦૮૬ હેકટર | ૩૧૭૦૦ હેકટર |
| બનાસકાંઠા | ૪૫૨૫૮૧ હેકટર | ૧૧૫૯૦૦ હેકટર |
| પાટણ | ૨૯૩૩૬૭ હેકટર | ૯૬૭૦૦ હેકટર |
| મહેસાણા | ૨૬૦૩૯૦ હેકટર | ૭૨૨૨૭ હેકટર |

## કડિયાદરામાં વેપારીનો મોબાઈલ સળગ્યો

હિંમતનગર, તા.૭

ઈડર તાલુકાના કડિયાદરા ગામે બુધવારે એક વેપારીના ખિસ્સામાં રાખવામાં આવેલ મોબાઈલ અચાનક સળગી ઉઠયો હતો. જેથી વેપારીએ સમય સૂચકતા વાપરીને મોબાઈલને ફેંકી દીધો હતો. જેના કારણે તેમનો આબાદ બચાવો થયો હતો.

કડિયાદરામાં કરિયાણાની દુકાન ચલાવતા ધર્મેશભાઈ હસમુખલાલ ઠાકર બુધવારે સવારે દુકાનમાં બેઠા હતા ત્યારે અચાનક તેમના ખિસ્સામાં રાખેલ મોબાઈલ સળગી ઉઠયો હતો. જેથી તેમણે તરત જ સમય સૂચકતા વાપરીને પેન્ટને કાઢી તરત જ દુકાનની બહાર ફેંકી દીધો હતો. જેના કારણે તેમનો આબાદ બચાવો થયો હતો. જે અંગે મોબાઈલ કંપનીને જાણ કરી હતી.



રામોલ વિસ્તારમાં દશેરા માટે રાવણ બનાવવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે.

## પાટીદાર ઈફેક્ટ : અરવલ્લી જિલ્લામાં નવરાત્રી પર્વે વિશેષ જાહેરનામુ

મોડાસા, તા. ૭

સમગ્ર રાજયમાં એક તરફ પાટીદારોના આંદોલન થઈ રહ્યા છે, બીજી તરફ રાજમયાં આગામી સમયમાં નવરાત્રી પર્વે કાયદો અને વ્યવસ્થા જોખમાઈ તેવા ઈનપુટ અરવલ્લી એસ.પી.ને મળતા જિલ્લામાં કેટલાક પ્રતિબંધક આદેશો માટે જાહેરનામુ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત રાજ્ય પોલીસ વડાને કરી હતી. જેને ધ્યાને લઈ રાજ્ય પોલીસ વડાએ પોતાને મળેલી સત્તાની નારૂએ અરવલ્લી જિલ્લામાં તા. ૭ થી ૨૧ ઓક્ટોબર ૨૦૧૫ સુધી જાહેરનામુ પ્રસિદ્ધ કરી અરવલ્લીમાં પૂતળાદહન, લાઉડ સ્પીકર વગાડવા, હથિયારો લઈ ફરવા તેમજ જલદ કે સ્ફોટક પદાર્થ લાવવા કે લઈ જવા પર મનાઈ ફરમાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યભરમાં આગામી સમયમાં નવરાત્રી પર્વમાં કાયદો અને વ્યવસ્થા જોખમાઈ તેવા ખાનગી ઈનપુટો અરવલ્લી જિલ્લા પોલીસ વડાને મળતા અરવલ્લી જિલ્લામાં પ્રતિબંધક આદેશો માટે જાહેરનામુ બહાર પાડવા વિનંતી સહ દરખાસ્ત રાજ્ય પોલીસ વડાને કરી હતી. જેને ધ્યાને લઈ રાજ્ય પોલીસ વડા પી.સી. ઠાકુરને મળેલી સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાભરમાં હથિયારો, સ્ફોટ પદાર્થ, સરઘસમાં મશાલ પ્રગટાવવા, પૂતળાદહન કરવા, લાઉડ સ્પીકર વગાડવા અને દેખાવો કરવા પર મનાઈ ફરમાવવામાં આવી છે અને જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.



તહેવાર આવતાની સાથે જ સરખેજ હાઈવે પર આર્ટીફિશિયલ ફ્લાવરનું વેચાણ શરૂ થઈ ગયું છે.

## નાની ઈસરોલ પ્રાથમિક શાળાની એસ. એમ. સી. કમિટીની રચના નિયમ વિરૂદ્ધ

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની નાની-ઈસરોલ પ્રાથમિક શાળા છેલ્લા ૧૦ મહિનાથી સતત વિવાદોમાં સપડાયેલી રહી છે. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને અભ્યાસ કરાવવાને બદલે શાળાના ત્રણ શિક્ષકો દ્વારા શિક્ષણ વિભાગના નિયમો ઘોળીને પી જવામાં માહિર હોય તેવું વર્તન સતત શાળામાં ચલાવાઈ રહ્યું હોવાથી શાળામાં અભ્યાસ કરતા બાળકોના માનસપટ પર શિક્ષકજગતને લાંછનરૂપ છબી પેદા થઈ છે. શાળાના ત્રણ શિક્ષકો દ્વારા બાળકોને અભ્યાસના બદલે ચા બનાવવાથી માંડીને વાસણ ઘસવાની ફરજ પાડવાની બાબતે અગાઉ પણ ચર્ચાના કેન્દ્ર સ્થાને રહી હતી ત્યારે શાળા દ્વારા બનાવવામાં આવતી એસએમસી કમીટીના સભ્યોની નિમણુંકમાં (પસંદગીમાં) પણ પોતાના મળતીયાઓને વર્ષોથી ચીપકાવી રાખી શાળામાં બનતી ઘટનાઓમાં ઢાંકપીછોડો કરી રહ્યા છે.

મોડાસા તાલુકાની નાની ઈસરોલ પ્રાથમિક શાળા છેલ્લા ૧૦ મહિનાથી વિવાદોમાં સપડાયેલી છે. શાળાના ત્રણ શિક્ષકો શાળાના જ વિદ્યાર્થીઓ પાસે જોહૂકમીથી ચા બનાવવાથી માંડીને ચાના વાસણ ઘસવાની ફરજ પાડવામાં આવતા આ અંગે શાળાના બાળકોએ વાલીઓને રજૂઆત કરતા વાલીઓમાં રોષ ફાટી નિકળ્યો હતો અને વાલીઓ દ્વારા સમગ્ર ઘટનાને ચતુરાઈપૂર્વક કેમેરે કંડાળીને સીડી બનાવી તપાસ અધિકારીને મોકલી આપી ત્રણેય શિક્ષકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરવા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા છતાં અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આ ત્રણેય શિક્ષકોને છાવરવામાં આવી રહ્યા છે. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ નાની ઈસરોલ પ્રાથમીક શાળા દ્વારા ચલાવવામાં આવતી એક અન્ય પોલ બહાર આવતા શિક્ષણજગતમાં આ ચર્ચા ટોક ઓફ ધી શિક્ષણ બની છે. આ શાળામાં છેલ્લા કેટલાય સમયથી એસએમસી કમીટીમાં સભ્ય તરીકે અમૂક ચોક્કસ માણસોને છેલ્લા કેટલાય વર્ષોથી જાળવી રાખવામાં આવ્યા છે. આ ચોક્કસ સભ્યો દ્વારા શિક્ષકોને છાવરવામાં આવતા હોવાથી ગ્રામજનોમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. શાળાના અન્ય નિર્દોષ શિક્ષકોને રંજાડી શિક્ષકો પર ખોટે ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. (એસએમસી કમીટીના સભ્યો દ્વારા) આ અંગે ગ્રામજનોએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખીતમાં જાણ કરવા છતાં પરીણામ શૂન્ય મળતાં ગ્રામજનોમાં ઉહાપોહ મચ્યો છે.

## કેન્સરગ્રસ્ત બેરોજગારે ટ્રેનની નીચે પડતુ મુક્યુ

અમદાવાદ, તા.૭

શહેરના હાટકેશ્વર વિસ્તારના એક ૫૪ વર્ષિય આધેડએ ટ્રેન નીચે પડતુ મૂકી આત્મહત્યા કરી હતી. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચારી મચ જવા પામી હતી. ૫૪ વર્ષિય આધેડ એ કેન્સરની બિમારીથી પીડાતા આજે વહેલી સવારે મણિનગર ખોડીયાર માતાજીના મંદિર સામે રેલ્વે ટ્રેક નીચે પડતુ મુકી આપઘાત કર્યોહતો.આ ઘટનાનીજાણ રેલ્વે પોલીસ અને મણિનગર પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ અંગે પોલીસે અકસ્માતે મોતનોં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૂત્રો મુજબ શહેરના હાટકેશ્વર વિસ્તારના મહાવીરનગરમાં ૫૪ વર્ષિય આધેડ લક્ષ્મણભાઈ યંશવતભાઈ પાટીલ રહેતા હતા. તેઓ ઘણા સમયથી કેન્સરની બિમારીથી પીડાતા હતા.આજે વહેલી સવારે મણિનગર ખોડિયાર માતાજીના મંદિર સામે ઓખા એનકુલમ ટ્રેન પુરપાટે પસાર થઈ રહી હતી. તે દરમ્યાન આધેડ લક્ષ્મણભાઈએ ટ્રેન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી.

# કોલેજોને અભ્યાસક્રમ પૂર્ણ કરવા વધુ ૧ માસનો સમય

## વારંવારની રજુઆતના પગલે યુનિવર્સિટી દ્વારા વધુ એક મહિનાનો સમય આપવાની વિધિવત રીતે જાહેરાત કરાઈ

અમદાવાદ, તા.૭

ગુજરાત યુનિવર્સિટીમાં ચાલુ વર્ષે કોલેજોમાં પ્રવેશમાં થયેલા વિલમનાં કારણે નિશ્ચિત સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો અધ્યાપકો માટે મુશ્કેલ બની ગયો હતો.આ અંગે ગુજરાત યુનિવર્સિટીને મળેલી વારંવારની રજુઆતોના પગલે યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પાછી ઠેલીને અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે વધુએક મહિનાનો સમય આપવાની જાહેરાત કરી છે. આ માટે યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમોન સેમેસ્ટર પરીક્ષાનું ટાઈમ ટેબલ નવેસરથી તૈયાર કરાઈને ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

આ વખતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સતત બીજા વર્ષે બીએસસીઅ ને બીકોમ સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન પદ્ધતીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે નક્કર આયોજનમાં અભાવે જુન મહિનાથી શરૂ થયેલી પ્રવેશ પ્રક્રિયા છે કે ઓગસ્ટ મહિના સુધી ચાલી હતી. એટલે સપ્ટેમ્બર મહિનાથી માંડ કોલેજોમાં નિયમીત શૈક્ષણિક કાર્ય શરૂ થઈ શક્યુ હતું. તેવામા ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૨૬ ઓક્ટોબરથી સેમેસ્ટર પરીક્ષા યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. જેનાં પગલે મોટાભાગની કોલેજોમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો મુશ્કેલ થઈ પડે તેવી સ્થિતી સર્જાઈ હતી.જે વળી આટલા ટૂંકા ગાળામાં પરીક્ષાની તૈયારીઓ કરવી વિદ્યાર્થીઓ માટ પણ પડકારરૂપ બની રહે તેમ હતી. જેનાં પગલ વિવિધ વિદ્યાર્થી સંગઠનોએઆ પરીક્ષા પાછી ઠેલીને કોલેજોને અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે પુરતો સમય આપવા માટે માંગ કરી હતી. જેનાં પગલે ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થી વર્ગના હિતોને ધ્યાનમાં રાખીને આ પરીક્ષા એક મહિનો પાછી ઠેલવાનો નિર્ણય કરવામાં આવ્યોછે.

જેના પગલે વિવિધ કોલેજોને અભ્યાસક્ર પૂર્ણ કરવા માટે હવે વધારે એક મહીના જેટલો સમય મળી રહે છે.ગુજરાત યુનિવર્સિટીનાં જણાવ્યા મુજબ નવો કાર્યક્રમ તૈયાર કરીને ટૂંક જ સમયમાં યુનિવર્સિટીની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

## વિવિધ કોલેજો દ્વારા નિયમ વિરુદ્ધ ટ્યુશન ફી વસુલાઈ

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં તાજેતરમાં મહિલા મુખ્યમંત્રી દ્વારા સ્ત્રીસશક્તિ કરણ અને મહિલા કેળવણીને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. જોકે તેમની નજર સામેજ રાજયની વિવિધ યુનિવર્સિટી સલગ્ન કોલેજો દ્વારા વિદ્યાર્થીનીઓ સાથે ખુલ્લેઆમ છેતરપીડી આચરવામાં આવતી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલા ભરવામાં આવતા નથી.વર્ષ ૧૯૮૫માં ઘડવામાં આવેલા નિયમ મુજબ કોઈપણ કોલેજ વિદ્યાર્થીનીઓ પાસેથી ટ્યુશન ફી માફી આપવામાં આવેલ છે. જો કે ભણતરને કમાણીનું સાધન બનાવનાર સંચાલકો દ્વારા બેફામ બની વિદ્યાર્થીઓ સાથે છેતરપીડી આચરીને યુજી અને પીજીનાં અભ્યાસક્રમમાં ખુલ્લેઆમ ફી ઉઘરાવવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ વર્ષ ૧૯૮૫માં તત્કાલિન રાજય સરકાર દ્વારા પરીપત્ર જાહેર કરીને ગુજરાત યુનિવર્સિટી સલગ્ન તમામ સરકારી કોલેજોમાં અભ્યાસ કરવા તમામ સરકારી કોલેજોમાં અભ્યાસ કરવા માંગણી વિદ્યાર્થીનીઓ માટે ટ્યુશન ફી માફીની જાહેરાત કરવામાં આવી હતી. જો કે આજે ગુજરાત યુનિવર્સિટી સલગ્ન તમામ કોલેજો દ્વારા રાજય સરકારના આ પરીપત્રનું ખુલ્લેઆમ ઉલ્લઘન કરવામાં આવી રહ્યું છે.

## લાગળીનો મેળો (૪ પાનાનું ચાલુ...)

● ગમે તેવા સંજોગો સર્જાય પણ ક્યારેય ઘર, પાડોશ, સગાં-સ્નેહી કે પરિચિત તમારા બોલથી કદી ન દુભાય એની કાળજી રાખો. જાણે અજાણે પણ વક્રોક્તિ - કટાક્ષકે દ્વિઅર્થી ભાષામાં વાત ન કરાવી એની સવિશેષ કાળજી રાખવી આ નાની સૂની વાત નથી શબ્દોતો ''બાણ કા'તો ફૂલ'' છે. એને વિચારીને વાપરો. પ્રભુલાલ દ્વિવેદીએ લખ્યું છે;

કાળ જાયે કહેણી રહે,રહે કહેલા વેણ, માટે ના કહીએ કદી, કોઈને કડવા વેણ.

● ઘરની રોજીંદી જરૂરિયાત-શાકભાજી- દૂધ-કરિયાણાની ખરીદી કાયમ એક જ વ્યક્તિની જવાબદારી બની જાય છે ત્યારે એના કામમાં સહાયરૂપ બનો. પોતાની ખરીદી સાથે નજીકના પાડોશીનું પણ કામ કરતા આવીએ. એવાં મિત્રવર્તુળ છે કે જેઓ એક સામટી સહિયારી ખરીદી કરે છે જેથી ઊંચી ગુણવત્તાવાળી વસ્તુ વાજબી ભાવે સૌને મળે. ● પ્લાસ્ટીકની કોથળી કે ઝભલાંમાં ખરીદી કરવાનું ટાળો અને હંમેશા ઘરેથી જ કાપડની થેલી લઈને જ ખરીદી કરવા જઈએ જેથી પર્યાવરણ સાથે દેશસેવા કર્યાનો બેવડો આનંદ મળશે. ● કચરાના યોગ્ય નિકાલ માટે સૂકો-ભીનો કે નકામા પ્લાસ્ટીકનો કચરો અલગ અલગ કચરાપેટી માં જ નાખવાનું રાખો. વળી ભેગો થયેલ પ્લાસ્ટિક વીણનારને આપી ડૉ. જેથી એ શ્રમિકને એક ટંકના ગુજારા માટે સહાયભૂત થવાનો આનંદ મળશે. ● તમારી કામવાળી, ડ્રાઈવર, વોચમેન, છાપા નાખનાર ફેરિયો, ટપાલી, શેરીનો સફાઈકામદાર, વગેરેને ખુશીથી દિવાળીનું બોનસ, મીઠાઈના પેકેટ, તેમના ભણતા બાળકો માટે ગણવેશ કે પુસ્તકો - નોટો આપો આવા સહાય સાથે સહાનુભૂતિ સાથે સહૃદયી વ્યવહારથી શ્રમિકો સામાજિક સમસ્યા બનતાં અટકે એ બહુ મોટી વાત છે. આવા ભાવનાભર્યા વ્યવહારો ઘણા નાના પ્રશ્નો મોટી સમસ્યાને અટકાવે છે. ● આપત્તિ મુશ્કેલી કે અન્ય ઉથલપાથલ બાબતે સહાયમાં અગ્રેસર રહેવું. નજીકની સેવાભાવી સંસ્થા સાથે જોડાઈને સહાયના નિમિત્ત બનો. ● તદ્દન અજાણ્યા માણસો જેવા કે ધોબી, ગેસ બોટલ આપનાર, કુરિઅરવાળા જેવાઓ સાથે સદભાવને સલુકાઈથી વર્તો. શક્ય હોય તો અનૂકુળતા મુજબ ચા-પાણી કરાવો. સામાન્ય રીતે આવા (નાના ગણાતા) લોકો પ્રત્યે હંમેશ તુચ્છકાર ભર્યો વ્યવહાર થતો જોવા મળે છે. વ્યસનવાળા હોય તો તેમને વ્યસન મુક્તિ માટે સમજાવવા પ્રયાસ કરો. ● રસ્તે પસાર થતાં ક્યાંક કાંટા, પથ્થર જેવી અવરોધક કે નુકશાનકારક વસ્તુ નજરે ચડે તો ઘડીકભર ઉભા રહી એને દૂર હટાવીએ. ત્યાં પસાર થનાર વટેમાર્ગુઓને ન નડે. કઈક ભલું કર્યાનો સંતોષ સાંપડશે.

જીવતરના ખાલીપાને ભરવા આવતો અનેક કાર્યો કરી શકાય... જીવનમાં નિવૃત્તિ એટલે પાટો બદલવો. સાપ પણ દર વર્ષે કાંચળી ઉતારે છે. એમ આપણે પણ નવાં કલેવર ધારણ કરવા મતલબ કે ત્રીસ-પાંત્રીસ વર્ષથી જે પ્રવૃત્તિ કરી અનુભવ વૃદ્ધ બન્યા છો તે કાબેલિયત અન્યગમતી પ્રવૃત્તિમાં કામે લગાડો. આધ્યાત્મિક બેઠક પર જીવનની સંધ્યા માણતા - ધબકતા વાનપ્રસ્થીઓ પાસેથી ઘણું બધું શીખવા પામવા મળ્યાનો અનુભવ રહ્યો છે. કહેવાયું છે ને -

સરવર, તરુવર, સંતજન ચોથા વરસે મેહ,
પરમારથ કે કારણ ચારો ધરિયો દેહ.

જિંદગીની ડાયરીના દટ્ટામાંથી પ્રતિદિન ખરતો જાય છે. આપણે બહુ મોટા સમાજકાર્યો ભલે ન કરી શકીએ પણ નાનાં નાનાં પરકાર્ય કરી વર્તમાનને શણગારીએ તોય ઘણું છે! પ્રત્યેક વ્યક્તિ મહાન તો ન બની શકે પણ સજ્જન તો જરૂર બની શકે.!! મોટાભાગે બીજાના દુખે સુખી ને બીજાના સુખે દુઃખી થવા ટેવાયેલાઓની બહુમતી વચ્ચે અન્યના સુખદુઃખમાં સમરસ થવાની ક્ષમતાઓ ગણ્યાગાંઠયા વિરલજનોમાં જ હોય છે. તેથી જ કવિ રાજેન્દ્રશાહ લખે છે

''આપણી વ્યથા'' અવરને મન રસની કથા,
ઈતરનાં કઈ તથા.
જીરવી એને જાણીએ વીરા!
પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ!

હંમેશાં સારાના નિમિત્ત બનવાની ટેવ કેળવશો તો મનની લઘુતા -લાચારી દૂર થશે સાથે સાથે જગતમાંથી એક દુષ્ટ જન ઓછો થવાથી ''દુર્જનોની સમસ્યા''પણ હલ થશે...

મિત્રો પરોપકારમાં પ્રસન્નતા,અનુભવતા પરમ પુરુષોથી જ આ સૃષ્ટિ શોભે છે ...આવા વિરલ ચરિત્રો ને વંદન...!!!

**સ્પર્શમણિ :**

પોતાનો સ્વાર્થ જતો કરીને અન્યનું કામ સાધી આપનારા સત્પુરુષો કે જે ઉત્તમ ગણાય. પોતાનો સ્વાર્થ સાચવીને બીજાનું કામ કરી આપનારા સામાન્ય જનો કે જે મધ્યમ ગણાય. પોતાનો સ્વાર્થ સાધવા અન્યના હિતને નુકશાન કરનારા નરરાક્ષસો કે જે અધમ ગણાય. જે નિરર્થક કશા કારણ વગર અન્યના હિતને બગાડે તે અધમાધમ ગણાય.

- રાજર્ષિ ભર્તુહરિ

## ગણિત - વિજ્ઞાન પ્રદર્શન...

● ત્રીજા પાનાનું ચાલુ

પ્રોજેકટ આલમપુરા પ્રા. શાળાના બાળકોએ રજૂ કર્યો છે. આ પ્રોજેકટમાં ડેન્ગ્યુના મચ્છરો, તેના પોરાં વગેરેનો કેવી રીતે નાશ કરવો અને શું સાવચેતી રાખવી તે અંગે વિગતવાર પધ્ધતિ દર્શાવી છે. નારદીપુરની એચ.વી. ચેરીટેબલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ યોગ-આયુર્વેદ અને એક્યુપ્રેશરના ત્રિવેણી સંમિશ્રણથી નિરોગી જીવન કેવી રીતે જીવી શકાય તે અંગેનો પ્રોજેકટ પ્રસ્તુત કર્યો છે. આ પ્રોજેકટમાં વ્યકિતની ઉંચાઈ-વજન વગેરેના માપદંડો દર્શાવવા સાથે વજન ઘટાડવાની ટીપ્સ પણ અપાઈ છે.

કલોલની સેંટ ઝેવિયર્સ ઈંગ્લીશ મિડીયમ શાળાની બાળાઓએ ગાર્બેજ મેનેજમેન્ટ અંગે પ્રોજેકટ રજુ કર્યો છે. જેમાં ગાર્બેજના વિવિધ પ્રકારો, તેનું વ્યવસ્થાપન, આદર્શ લેન્ડફિલ્ડ કેવી હોવી જોઈએ, જીવનમાં કિચન, ફેકટરી, બાયો મેડિકલ, ઈ-વેસ્ટ જેવા અનેક પ્રકારના ગાર્બેજના નિકાલની પધ્ધતિઓ રજુ કરી છે. આ ઉપરાંત કોઈ પણ રૂમમાં સીસીટીવી કેમેરાની હાજરી જાણવા અંગેનો પ્રોજેકટ પણ એક શાળાએ પ્રસ્તુત કર્યો છે. તાજેતરમાં ગોવા ખાતે દેશના માનવસંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની સાથે બનેલી ઘટનાના સંદર્ભમાં આ પ્રોજેકટ ઘણો પ્રસ્તુત છે. અન્ય એક શાળાએ હાઈડ્રો પાવર પ્રોજેકટ પ્રસ્તુત કરી તમામના દિલ જીતી લીધા હતા.

## પ્રચાર ઝૂંબેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે વડાપ્રધાન ફરી ત્રણ રેલી કરશે. જેમાં સસારામ, મક્દુમપુર અને અરવલનો સમાવેશ થાય છે. ૧૦મી ઓક્ટોબરે તેઓ કોઈ રેલી કરશે નહીં અને વ્યુહરચના બેઠકમાં ધ્યાન આપશે. મોદી ૧૧મી ઓક્ટોબરે ઈન્દુ મિલનું ઉદ્ઘાટન કરનાર છે. મોદી અને નિતિશકુમાર હાલમાં વિકાસની વાત કરી રહ્યા છે. મોદી હવે આગામી ત્રણ દિવસ દરમિયાન આક્રમક ચુંટણી પ્રચાર કરનાર છે.બેક ટુ બેક રેલીઓ યોજનાર છે. જેની તમામ તૈયારી પક્ષ દ્વારા કરી લેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારમાં ઝંઝાવતી પ્રચારનો દોર આવતીકાલથી શરૂ કરી રહ્યા છે. મોદીની તમામ સભાને લઈને જોરદાર આયોજન કરવામાં આવી રહ્યા છે. મોદી આવતીકાલે જે રેલી કરનાર છે તેમાં ૧૨ વિધાનસભા મતવિસ્તારને આવરી લેવામાં આવનાર છે. આઠમી અને ૧૦મી ઓક્ટોબરના દિવસે મોદી એક સાથે આઠ સભા કરનાર છે. તમામ ક્ષેત્રોમાં મોદીની સભાની માંગ ઉઠી રહી છે.

પહેલી રેલી બીજી ઓક્ટોબરના દિવસે યોજાયા બાદ હવે આઠમી ઓક્ટોબરના દિવસે રેલી થશે. જેમાં ૧૨ વિધાનસભા ક્ષેત્રોને કવર કરી લેવામાં આવનાર છે.મોદીની રેલાના સ્થળ પર લોકોને લાવવા માટેના પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યા છે. મોદી કેટલીક રેલી એક દિવસમાં પણ કરનાર છે. ૧૦મી ઓક્ટોબરના દિવસે મોદી સસારામ, ઈમામગંજ, મખદુમપુર અને અન્ય એક ક્ષેત્રમાં રેલી કરનાર છે. બિહારમાં પ્રથમ તબક્કામાં ૧૨મી ઓક્ટોબરના દિવસે મતદાન યોજનાર છે. જેમાં કુલ ૪૯ સીટ માટે મતદાન થશે કુલ ૫૮૩ ઉમેદવાર ભાવિ અજમાવી રહ્યા છે. બિહારમાં પ્રથમ તબક્કામાં ૧૨મી ઓકટોબરના દિવસે મતદાન યોજનાર છે.

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)